ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમને વર્ષ ૨૦૧૬-૧૭ માં રૂ.૬૧૨.૦૦ લાખની જોગવાઈ પૈકી બીજા હપ્તા પેટે રૂ.૨૦૦.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટની મંજૂરી બાબત...

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-અવક/૧૩૧૨/૬૯૮૪૮૫/જ,
સચિવાલય, ગાંધીનગર.

તા:- 30 DEC 2016

વંચાણમાં લીધા:-

૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૨૪/૦૫/૨૦૧૬નો સમાન ક્રમાંકનો ઠરાવ.

૨) ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરનો તા:૧૭/૧૧/૨૦૧૬નો પત્ર ક્રમાંક:અવિકો/નાણાં/વહી.ગ્રાન્ટ ફા/૨૦૧૬-૧૭/૬૭૧૮.

આમુખ:-

ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરની વહીવટી ગ્રાન્ટ માટે વર્ષ:૨૦૧૬-૧૭માં રૂ.૬૧૨.૦૦ લાખની (અંકે રૂપિયા છસ્સો બાર લાખ પુરા) આયોજન સદરે ચાલુ બાબત તરીકે બજેટ જોગવાઈ થયેલ છે. તે પૈકી નિગમના અધિકારી/કર્મચારીઓના પગાર, ભથ્થા તથા કન્ટીજન્સી ખર્ચને પહોંચી વળવા માટે ઉપર્યુકત વંચાણે લીધેલ ક્રમાંક - ૧ ના ઠરાવથી રૂ. ૩૦૦.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટની ફાળવણી માટેની મંજૂરી આપવામાં આવેલ હતી.

ઉપર્યુકત વંચાણે લીધેલ ક્રમાંક-૨ પરના ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરના પત્ર બીજા હપ્તા પેટે રૂ.૨૦૦.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટ ફાળવવા દરખાસ્ત કરેલ છે.

ઠરાવ:

ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમની ઉકત દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણાના અંતે વર્ષ:૨૦૧૬-૧૭માં ફાળવેલ કૂલ ૬૧૨.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટમાંથી બાકી રહેતી રૂ. ૩૧૨.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટમાંથી બીજા હપ્તા પેટે રૂ.૨૦૦.૦૦ લાખની (રૂપિયા બસો લાખ પુરા) વહીવટી ગ્રાન્ટ નીચે મુજબની શરતોને આધિન મંજૂરી આપવામાં આવે છે.

૧) સને ૨૦૧૬-૧૭ના વર્ષની બજેટ જોગવાઈને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં રહી ખર્ચ કરવાનો રહેશે.

૨) જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવે છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા નિયમો મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪) વર્ષના અંતે જો કોઈ બચત રહે તો તે પરત કરવાની રહેશે.

૫) હવે પછીની ગ્રાન્ટ છુટી કરવાની દરખાસ્ત સાથે સને ૨૦૧૬-૧૭ના વર્ષમાં જે-તે માસનાં અગાઉના માસ સુધીના ખર્ચનું માસવાર પત્રક રજુ કરવાનું રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિષ્ણુ પટેલ)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ૧૦/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, નાણાં વિભાગ (અ-શાખા), સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
- પસંદગી ફાઇલ.